# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદની એસટી ડેપોની મુલાકાત લઇને મુસાફરોની સુવિધાની ચકાસણી કરી.**
2. **કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મંત્રી પદનો ચાર્જ સંભાળતાની સાથે જ કહ્યું કે ખેડૂતો અને સહકારી ક્ષેત્રનું હિત સર્વોપરી, જ્યારે મોઢવાડિયાએ બરડાને પ્રવાસન તરીકે વિકસાવવાની નેમ વ્યક્ત કરી.**
3. **કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ રાજ્યપાલ સાથે શુભેચ્છા મુલાકાત કરી પ્રાકૃતિક કૃષિ, સ્વચ્છતા, રમતગમત અને યુવા વિકાસ જેવા વિષયો પર ચર્ચા કરી**
4. **તકેદારીના ભાગરૂપે અમદાવાદમાં મેટ્રો રેલ દિવાળીના દિવસે સાંજે સાત વાગ્યા સુધી દોડશે.**
5. **ગઇકાલે ધનતેરસ નિમિત્તે મહાલક્ષ્મીના પૂજન અને અર્ચના બાદ આજે કાળી ચૌદશ નિમિત્તે મંદિરોમાં વિશેષ હવન.**
6. **ગાંધીધામમાં યોજાયેલી ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં વડોદરાના પ્રથમ માદલાણી , અમદાવાદની પ્રથા પવાર અને સુરતના વિવાન દવેનો દબદબો**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HARSH SANGHVI-AHMEDABAD ST STATION VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે સાંજે અમદાવાદના ગીતા મંદિર ખાતે GSRTC બસ ડેપોની મુલાકાત લઈ દિવાળી નિમિત્તે વધારાની બસોના સંચાલનનું નિરીક્ષણ કર્યું હતું.

શ્રી સંઘવીએ અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.તેમણે મુસાફરો સાથે વાતચીત કરી તેમના પ્રતિભાવો જાણ્યા હતા.આ પ્રસંગે તેમણે એસટીના કર્મચારીઓ અને મુસાફરોને મીઠાઇ ખવડાવી દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

---

# JITU WAGHANI CHARGE

કૃષિ મંત્રી જીતુ વાઘાણી તેમજ શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજાએ ગઇકાલે વિધિવત રીતે હોદ્દાનો પદભાર સંભાળ્યો. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આજે સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર ખાતે પૂજન-અર્ચન બાદ પોતાના હોદ્દાનો વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. તેમણે કહ્યું કે, કૃષિકાર અને સહકાર આ બંને ક્ષેત્ર તેમના માટે મહત્વપૂર્ણ છે.

## બાઇટ- જીતુ વાઘાણી, કૃષિમંત્રી

આ ઉપરાંત શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજાએ પણ ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ-૨, ખાતે ભગવાનની પૂજા-અર્ચના બાદ પદાધઇકારીઓ , શુભેચ્છકો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં હોદ્દાનો પદભાર સંભાળ્યો હતો.

---

# JITU VAGHANI-GOVERNOR MEETING

રાજ્યના કૃષિ , ખેડૂત કલ્યાણ અને પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લઈ ગૌ સંવર્ધન અને પ્રાકૃતિક ખેતીના પ્રચાર અને વિસ્તરણ અંગે ચર્ચા કરી.

આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું કે , પ્રાકૃતિક ખેતી ભારતની પરંપરા અને સમૃદ્ધિનું મૂળ છે, અને આજના સમયમાં તે ખેડૂતો માટે આર્થિક રીતે સશક્તિકરણનું મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

---

# PORBANDAR ARJUN MODHWADIA

પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાને શુક્રવારે ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રીનું પદ મળ્યું હતું. આ પદ મળ્યા બાદ અર્જુન મોઢવાડિયા પોરબંદર પહોંચતા તેમનુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

તેમણ કહ્યું કે , પોરબંદર અન્ય શહેરોની હરોળમાં આવે તે માટેના પ્રયાસ આદરીશુ અને બરડાને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાના પ્રયાસોને હવે વધુ બળ મળશે.

## બાઇટ- અર્જૂન મોઢવાડિયા, મંત્રી

---

# MANSUKH MANDAVIYA - GOVERNOR MEETING

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી પ્રાકૃતિક કૃષિ , સ્વચ્છતા, રમતગમત અને યુવા વિકાસ જેવા વિષયો પર ચર્ચા કરી.

તેમણે વર્તમાન સમયમાં ભારતમાં રમતગમત આધાર માળખું , યુવા કૌશલ્ય તેમજ રોજગાર લક્ષી બાબતો અંગે કેન્દ્ર સરકાર દ્વારા કરાતાં વિવિધ કાર્યો અને નવીન આયામોથી રાજ્યપાલને માહિતગાર કર્યા હતા.

આગામી સમયમાં ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ વધુ રોશન કરે તેવા પ્રયાસોને પ્રોત્સાહન આપવા રાજ્યપાલએ જણાવ્યું હતુ.

---

## KAUSHIK VEKARIYA- KAYDA BETHAK

રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ કાયદા અને ન્યાય વિભાગનો પદભાર સંભાળતા નાગરિકોને ઝડપી ન્યાય આપવા પર ભાર મૂક્યો. તેમણે વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી જરૂરી સૂચનો આપ્યા હતા.

બેઠકમાં પોક્સો , NDPS અને વકફ કાયદા હેઠળ નોંધાયેલા અને પડતર તમામ કેસો સમયસર પૂર્ણ થાય તે માટે જરૂરી પગલાંઓ લેવા ચર્ચા કરાઇ.

---

# AMDAVAD METRO TRAIN

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવા આવતીકાલે સવારે છ વાગ્યાને 20 મિનિટથી સાંજે સાત વાગ્યા સુધી ચાલશે. દિવાળીના તહેવારની ઉજવણીને ધ્યાનમાં રાખી

ગુજરાત મેંટ્રો રેલ નિગમ દ્વારા આ નિર્ણય કરાયો છે. આવતીકાલે વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ તરફ સાંજે સાત વાગ્યાને પાંચ મિનિટે , થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ તરફ, મોટેરા સ્ટેડિયમથી APMC તરફ અને APMCથી મોટેર સ્ટેડિયમ તરફ સાંજે સાત વાગ્યેને 10 મિનિટે , APMCથી સચિવાલય તરફ અને સચિવાલયથી APMC તરફ સાંજે છ વાગ્યેને 24 મિનિટે અને ગિફ્ટ સિટીથી APMC તરફ સાંજે છ વાગ્યેને 18 મિનિટે છેલ્લી ટ્રેન ઉપડશે.

---

# KALI CHUADASH

**રાજયભરમાં ગઇકાલે ધનતેરસની ઉજવણી બાદ આજે કાળી ચૌદસે મહુડીના ઘંટાકર્ણ મહાવીર સહિત રાજ્યના વિવિધ મંદિરોમાં આજે વિશેષ પૂજન અને હવન કરાશે.**

**આજે મહકાળી મા, ભૈરવનાથ, હનુમાનથજી, ઘંટાકર્ણ મહાવીર તેમજ સમસ્ત રક્ષક દેવોની આરાધના-ઉપાસના કરવાનો દિવસ છે. મહુડી જૈન મંદિર ખાતે આજે વિશેષ હવન-જાપનું આયોજન કરાયું છે.**

**ગઇકાલે રાજયભરમાં ધનતેરસની ઉજવણી કરાઇ. પંચમહાલના ગોધરામાં સોનીવાડ વિસ્તારમાં ધનતેરસ પર્વે સોના-ચાંદીની ખરીદી માટે લોકો ઉમટી પડ્યા હતા. કચ્છના ભુજમાં સ્મૃતિવન ખાતે ગઈકાલે ધનતેરસ નિમિત્તે 51 હજાર દીવડા પ્રગટાવી દીપોત્સવ ઉજવાયો.**

---

# RASTRIY EKTA DIWAS

રાષ્ટ્રીય એકતા દિવસ 2025 – સરદાર સાહેબની 150 મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે એકતાનગરના આંગણે એકતા પ્રકાશ પર્વ- 2025ની શરૂઆત થઇ છે.

આગામી 15મી નવેમ્બર સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા પ્રકાશ પર્વની ભવ્ય ઉજવણી કરાશે, પ્રવાસીઓ વિનામૂલ્યે તેને નિહાળી શકશે. આ આકર્ષક સ્થળની મુલાકાત લેનારા પ્રવાસીઓએ પણ તેના ભરપૂર વખાણ કરીને અન્યોને પણ આ સ્થળની મુલાકાત લેવા અપીલ કરી હતી.

આવા એજ એક પ્રવાસી રિમા શાહે આ પ્રવાસન સ્થળની મુલાકાતને અદભૂત અને અવિસ્મરણિય ગણાવી હતી.

**બાઇટ - રિમા શાહ, પ્રવાસી**

---

# FASTag annual pass as a gift

FASTag વાર્ષિક પાસ , મુસાફરી માટે એક સરળ વિકલ્પ છે. દિવાળીના તહેવારોમાં પ્રવાસીઓ માટે આ એક આદર્શ ભેટ બની શકે છે. જે મુસાફરોને દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાષ્ટ્રીય એક્સપ્રેસ પર આખું વર્ષ સિમલેસ મુસાફરી પ્રદાન કરે છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(વોઇસકાસ્ટ- અજય ઇન્દ્રેકર)

(તમારા પ્રિયજનોને મુશ્કેલી વિના મુસાફરીની ભેટ આપવા માટે, હાઇવે યાત્રા એપ પર 'પાસ ઉમેરો' વિકલ્પ પર ક્લિક કરો અને તમે જે વ્યક્તિને ભેટ આપવા માંગો છો તેનો વાહન નંબર અને સંપર્ક વિગતો દાખલ કરો. તમારા મોબાઇલ ફોન પર પ્રાપ્ત થયેલ OTP ચકાસો, અને પાસ તે વાહન સાથે જોડાયેલા માન્ય FASTag પર સક્રિય થશે.

એક વર્ષની માન્યતા માત્ર 3 હજાર રૂપિયા ની કિંમત સાથે , આ પાસ એક સરળ અને સસ્તું મુસાફરી વિકલ્પ પ્રદાન કરે છે. તે સમગ્ર ભારતમાં આશરે 1 હજાર 150 ટોલ પ્લાઝા પર અમલી છે.

અજય ઇન્દ્રેકર આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

---

## TT CHAMPION

ગાંધીધામમાં યોજાયેલી ગુજરાત સ્ટેટ અને ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં પુરૂષ વિભાગમાં પ્રથમ માદલાણીએ ચેમ્પિયન બન્યો હતો. જ્યારે અમદાવાદની પ્રથા પવારે મહિલા અંડર-19 અને અંડર-17માં ત્રણ ટાઇટલ જીતીને નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું.

આ ઉપરાંત સુરતના વિવાન દવેએ અંડર-19 અને અંડર-15માં ટાઇટલ જીત્યું હતું..

---

# Sankalan Bethak – DISTRICT

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગઈકાલે સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ.

સાબરકાંઠાના હિંમતનગરમાં જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યસભા સાંસદ રમીલા બારાએ અને હિંમતનગર ધારાસભ્ય વી ડી ઝાલાએ તેમના વિસ્તારના પ્રશ્ન રજૂ કર્યા હતા.

છોટા ઉદેપુરમાં જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં યોજાએલી બેઠકમાં સાંસદ જશુભાઈ રાઠવાના પ્રશ્નોનું વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા નિરાકરણ કરાયું.

કચ્છના જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં માંડવી, ભુજ, અબડાસાના ધારાસભ્ય એ પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા. તો અમરેલીમાં જિલ્લા કલેકટરે બેઠકમાં વિવિધ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટેના આદેશ આપ્યા.

અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધારાસભ્યઓએ પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કરતાં કલેક્ટરે પ્રશ્નોના નિરાકરણ માટે તાકીદ કરી..

વલસાડમાં યોજાએલી બેઠકમાં ૨૧ પ્રશ્નો અંગે ચર્ચા થઈ. સુરેન્દ્રનગર અને ભાવનગરમાં જિલ્લા કલેકટરે લોકોના પ્રશ્નો નો ઝડપી નિકાલ લાવવા સૂચના અપાઇ.

---